19.8.25

મારુ આત્મબ્રહ્મ તને હાથ જોડ?
હવે તો કર્મબંધન બાબત જ તોડ?
કૃપાદ્રષ્ટિ કર જે હવે મુજ સામુ
બ્રહ્મભાવ ધર તને વંદન આપું

જગત વિસ્મૃત કરાવો સદાકાળ
ભ્રાંતિ મિટાવર પ્રકાશ હવે પ્રગટાવ.
અજ્ઞાન હતું નહીં, ન હતો હું પણ
આત્મ આદિત્ય, સદા શાશ્વત કાળ
પરમતત્વ ની સ્મૃતિ પણ મંગલમય
~~વિશેષે~~
વિશેષે નામ-રૂપ અને દેશ, કાળ,
અવશેષ પરમતત્વ પ્રકાશે સદૈવ.
પરમશાંત, આનંદસ્વરૂપ હું તો સદાય.

રાત્રે સૂતી વખતે. 19.8.25

આ જીવનું અંત: આયુષ્યકરણ
ઈશ્વરમાટે સમર્પિત કરું છું
હવે હું નથી!
આ દેહ પણ નથી!
મન પણ નથી.: હૃદય જ નથી!
ચિત્ત પણ નથી.: વાસના નથી!
રાગ-દ્વેષ તો હોય જ ક્યાંથી?

એટલા માટે સંસાર જ નથી. માયા જ નથી
.: તો કર્મ. જન્મ-મરણ ક્યાંથી?
વિકૃતિ પણ એટલે નથી જ

છે શાંત, પ્રકાશ, આનંદ. સ્વરૂપ સ્થાન!
હું ચૈતન્ય છું
હું પરમાત્મા છું.
હું કેવળ બ્રહ્મ છું
હું બ્રહ્મ છું. —

જેને દર્શન ખુલ્લો થાય તે ઋષિ!
જેને જ્ઞાન નું દર્શન થાય તે મહર્ષિ!

૨૦·૮·૯૫

શિવલિંગ ના શરભામંડળ-બોધ
શું ?
તો કહે લિંગાભેદ રત ઉપર ઉઠીમ!

મૂર્તિ શું કહે છે ?

તું અમૂર્ત છે
તાને અમૂર્ત જો અને અમૂર્ત થા!

આકાર જોજો કરીશ તો
જડતા પામીશ.
દરેક આકાર નો બોધ શું?!
તું નિરાકાર છું અનુભવ્યા જ કર!

૨૦.૯.૨૫

(સાંખ્ય)

એક નો પણ અંત આવે તેજ
એકાંત.
ત્યાં પરમતત્ત્વ પરખાઈ હોય જ.

આ સાંખ્યદર્શન છે.

શુદ્ધ ચેતન - ચૈતન્ય
માં ઓતપ્રોત - ઓતપ્રોત
રહેવું જ છે!
આ યોગદર્શન છે.

નિરાકાર - નિર્વિકાર - નિર્વિકલ્પ
અકર્તા - અસંગ - અનાસક્ત - અવાચ્ય
અભુક - આનંદ
એ જ સ્વ-રૂપ છે.
પરમાત્મા છે.

હું પરમઅણુ → પરમતત્ત્વ → પરમઆત્મા
(જડભાવથી)
માન્યતા.

૨૬.૯.૨૫

એક પરમઅણુમાં અનંત સૃષ્ટિઓ સમાય
આ તો કેવી અજબ જેવી વાત છે!
આ અનંત સૃષ્ટિઓમાં અનંતાનંત જગત થાય
આ તો કેવી અજબ જેવી વાત છે!
એક જ પરમઅણુમાં અનંત સૂર્યોનું તેજ સમાય.
આ તો કેવી અજબ જેવી વાત છે.
આ પરમઅણુ પાછા ફરી ફરીને પેદા થાય
આ તો કેવી અજબ જેવી વાત છે!

પરબ્રહ્મ સ્વયં જીવ બની અહીં આવે
આ તો કેવી અજબ જેવી વાત છે!

પરમાત્મા બ્રહ્મસ્વરૂપ છોડી અહંકાર અપનાવે
આ તો કેવી અજબ જેવી વાત છે!

સંજુમ સહ્યાં જુલ્મ લોક ના ઓળખાઈ!
આતો કેવી અજબ જેવી વાત છે!

શાન પર અહસાન ચઢી જાય!
આતો કેવી અજબ જેવી વાત છે!

જુલ્મનુંરક્ષ પણ અહંકાર સર્વોપરી થાય!
આતો કેવી અજબ જેવી વાત છે!

જુલ્મ સામે રહે તો અળખામણો થાય!
આતો કેવી અજબ જેવી વાત છે!

કામને પડકાર દેવ કીધો.
જીવન નવું પ્રગટાવે.
અહંકાર નો અંકુર મોટો
બ્રહ્મપદનું સ્થૂળ કરાવે.

સંસ્કાર નું સૂક્ષ્મ બીજ
રાગ-દ્વેષ દ્વંદ્વ પ્રગટાવે
રઝળપાટ અજંપો શોક
અનંત યોનિઓ ભટકાવે

કાર્ય-કારણ નું મહાકારણ એવો
ભાવ-અભાવ-કુભાવ મિથ્યા સહું
મર્મ વાતનો સમજે તે
મૃત્યુંજય થઈ જાય.

સમભાવ વડે ઉન્નતિ પ્રગટાવી
પ્રભુના આપણ પરમાત્મા બનાવે.

એક અફળ મોસમ નાં આવે, સર્જન જ થઇ જાય.
શાસ્ત્રવાંચન કર્યાં કરવાથી, રેતા-ખાંડ જ બનાય.
મર્મ-ભેદ સુઝશે ગુરુમુખથી જો તત્ત્વદર્શી હોય
નિદિધ્યાસન - આવૃત્તિ - સમાધિ નિર્વિકલ્પ થાય.

સમય તારો હર ક્ષણ અમુલ્ય
જોજે ના વેડફાય
આજીવન હવે તો ફેરાથી
વ્યર્થ ના વેડફાય.

તત્પર નિમિત્તો, મજબૂત ઉપાદાને
સમર્પિતતા, સહજ, સ્વયં જો થાય
પ્રાદુર્ભાવ અનંત શક્તિનો વ્યાપક સ્વ-રૂપ થાય.
ધૈર્ય દ્વારા સાહસ આદરી તત્પર હુકમ જ થાય.

સર્વ કાંઈ અદ્રશ્ય થાય
જો એક માં એક સમાય.
જો હું ના રહી જાય તો જ
એક માં એક સમાય
આરોપથી જ હું છું, મારું
અપવાદથી હું જ અદ્રશ્ય થય થાય.

નિશ્ચયથી સચોટ જાણું છું
આત્મા જ સત્ય છે પણ અવર્ણનીય
જગત મિથ્યા, માયાવી, અસત છે, પણ
અનિર્વચનીય

જાણે જો મૂક, અવાક કરે તો
હું જ નથી! અહો! આશ્ચર્યમ્!

અજ્ઞાનમાં જન્મ્યો જીવરૂપ થઈ
ફસાયેલો તું લોભ-મોહ-રાગમાં ડૂબી
જીવ્યો ભોગી, ભટક્યો ઘણેરો
ભવરણ માં રઝળતો ભટકાય.

અવિનાશી ચિરમૂર્તિ આપણી
આત્મ સ્વરૂપ ભૂલી જવાય
કંચન, દેહ, કુટુંબ, સગપણ,
પામી ઊંચાઈ લાલસાઓ બાંધી.

વસ્તુ, વિષય વિષ ટપકે અંગરણમાં
ઘૂંટે ઘૂંટ ગટકતો જાય.
ના રૂડી ખબર 'હું' લઈને પણ
આપ નિંદર-માં સરકતો, ડૂબતો જાય.

કૃપાવર્ષી તત્ત્વદર્શી ગુરુજીની
દ્રષ્ટિમાં શોધ્યું અજ્ઞાન, કરાવ્યું આતમ
દર્શન પાવન, ફરી સહજાનંદ ત્વરિત
બોધ સ્વ-રૂપ કરાવ્યા પરમાત્મ
પમાય.

સુખ-દુ:ખ નો અનુભવ શાશ્વત?
પ્રાકૃત ગુણો થકી જ થાય.
સત-રજ-તમ ત્રિગુણાત્મક સૃષ્ટિ
વાત-પિત્ત-કફ ત્રિદોષથી પ્રકૃતિ
પાછી કર્માનુસાર થાય.
ગ્રહબંધ થતા પછી બાદ બહુરૂપી
વાંકો જડવાંકાઈ પવાયની દશા બેસાય.

પ્રણવ બાદ સગુણી, નિર્ગુણી પામે,
જીવ સુધારે જતાં, કાળે ફરે ફણાધર,
નિયમિત પ્રણવ-યોગ પામે સ્વદે
ત્રિવિધ તાપ તરણ મુક્તિ મેળવતાં
સહજ સાક્ષાત્કાર, પરમ આનંદ પ્રગટાવી
ને મહાયોગેશ્વર અંતે પરબ્રહ્મમાં સમાય.

પ્રકૃતિ ને વશ નથી હું
પરબ્રહ્મ પરમાત્મા કહેવાઉં હું
મહામાયા- યોગમાયા મારી ને
નિયમન સૃષ્ટિ નું સાત પ્રભાવ થી
મહામાયા સદા વશ મારી છતાં નિર્લેપ
ગણાઉં

ઉત્પત્તિ, સ્થિતિ, પ્રવેશ, નિયમન, ~~નિગ્રહ~~
નિગ્રહ અનુગ્રહ સંહાર અવતાર સહુ
આ સાત પ્રભાવ આકારરૂપમાં હું
નિરાકાર પરમતત્વ રૂપે પણ હું
યથા પિંડે બ્રહ્માંડે પણ હું
શિવ-જીવ. સ્થૂળ થી સુક્ષ્મ પણ હું

અનેક સૃષ્ટિઓમાં વ્યાપક થઈ
વ્યક્ત-અવ્યક્ત ભાવે અનંત પણ હું
અમાપ- અગમ્ય- અનાસક્ત વ્યાપક
છતાં સર્વત્ર શાશ્વત પરમાનંદ પણ હું

હવે તે કર્યું! આવું કર્યું!
આ મેં કર્યું, આવું, આવું અને
પછી આવું કર્યું,
આરોપ નાં આલાપ બંધ કર!
ફરીયાદો ના ધજાગરા!

કરે છે બધું જ કુદરત.

તું ભાગર નામ-રૂપ માં
વિરાજમાન બ્રહ્મ-આત્મા પર
આરોપ કરે છે.
તારો સંસ્કાર વધારે છે અને
બગાડે છે!
પાછો વધારે બગાડે છે.

તો - બ્રહ્મ ને, કુદરતનાજ ને
મુક્તિસ્વરૂપ મળી જ જશે.

બાળજકો દીવાને લે શામ ગાળ્યાંત
ભાવે, ભગવાનનાં ફોટા આગળ મૂકે.
પછી લોકો પૂજા કરે!
એવું કહ્યાં કરે. બહું મંત્રો એમાં
ગવાય,
પિતાજી - શિવને માને
મંદિરે જાય, ફૂલ ચઢાવે
લોટા પાણીનાં ઢોળે, રોજ સાથ

રાખ ~~[illegible]~~ બાળ-સહજ
મોટાં ન થાય, ના સમજે
જડ થતાં જાય માન્યતામાં,

ફરવાપણું ચોંટ્યું
નર્યું કર્મકાંડ ! વંઠાય-જડનથી

કરોડોમાં કોક જ જાણે, મોટો થાય.
તત્વદર્શન ખોલે,
મને ત્યારે જાણે
શું
તું બ્રહ્મ છું, તું આત્મા છું
એકાંતમાં કોક જ અનુભવે!
કલ્યાણ થઇ જાય તેનું

તું ફૂલાફળો - ઠોકફળો !
આકાર નામ-રૂપ-પ્રકૃતિ વાળો!
તો ઉકાળ જંજાળનો ઓઢો !

'હું બ્રહ્મ છું.'
'હું પરમાત્મા છું.'
'હું આત્મા સદૈવ શુદ્ધ જ છું.'

ભાન બસ આટલું જ
સાવ સહેલું !

જય સચ્ચિદાનંદ.

-x-

તું જન્મ્યો ! તું મરવાનો !
તારી માન્યતાઓ,
તારા જ કન્ડીશનીંગનો;
તેં ઊભા કર્યાં હોય, તેવા છે.
તારું જ પ્રોજેક્ટ કરેલું.
અજ્ઞાન તો ના પાડે છે.
કહે છે. કે.
જગત નથી! જગદીશ જ છું
કોઈ ક્યારેય જન્મ્યા જ નથી
ના કોઈ ક્યારેય મર્યાં.

માંડણી, ગોઠવણ માન્યતાઓ જ
તારી.
કલ્પવાનું ને કકળવાનું!

બંધ કરીશ હવે?

તું શુદ્ધ આત્મા છું

છોડ માનવાનાં વળગાડ!

તું કેવળ બ્રહ્મ છું.

Cut the link !

અમે તો દિલોમાં નામ, રૂપ, દેહધારી
ના જ link,
thoroughly
completely
& Permanently

કાપ્યા જ નાખ્યા છે.

હવે તો રૂેનારા !